# શું કોઈ વ્યક્તિને તેમની કામની જગ્યાએ એકલી મૂકી શકાય? (Can a person be left alone at their place of work?)

એકલાં કામ કરવા ઉપર કોઈ સખત મર્યાદાઓ નથી; તેનો આધાર જોખમનાં મૂલ્યાંકનોનાં પરિણામો શું મળ્યાં છે તેની પર રહેલો છે.

આ માટે કાયદાના બે મુખ્ય ભાગ લાગુ પડશેઃ

હેલ્થ એન્ડ સેફ્ટી એટ વર્ક એટસેટેરા એક્ટ 1974ઃ કલમ 2 એમ્પ્લોયરો ઉપર તેમનાં કામદારો કામ પર હોય તે દરમ્યાન તેમના આરોગ્ય, સુરક્ષા અને હિતની ખાતરી કરવાની ફરજ જણાવે છે.

ધ મેનેજમેન્ટ ઓફ હેલ્થ એન્ડ સેફ્ટી એટ વર્ક રેગ્યુલેશન્સ 1999ઃ
રેગ્યુલેશન 3 જણાવે છે કે દરેક એમ્પ્લોયરે નીચેની બાબતોનું યોગ્ય અને પૂરતું મૂલ્યાંકન કરવું જોઈએ -

- તેના કામદારો કામ પર હોય તે દરમ્યાન તેમના આરોગ્ય અને સુરક્ષા ઉપર જે જોખમોનો સામનો કરવો પડતો હોય તે; અને
- તેણે નોકરી પર ન રાખેલાં હોય તે લોકોના આરોગ્ય અને સુરક્ષા ઉપરનાં જોખમો જે તેના વર્તાવને કારણે અથવા તેણે કરેલા કામના સંબંધમાં ઊભાં થતાં હોય

એચ.એસ.ઈ.એ નીચેની પત્રિકાઓ બહાર પાડી છેઃ

- **Working Alone in Safety** - **મફત પત્રિકા**

એકલાં કામ કરવા ઉપર આમ તો કોઈ સામાન્ય કાયદાકીય પ્રતિબંધ નથી, તેમ છતાંયે એચ.એસ.ડબલ્યુ એક્ટ અને એમ.એચ.એસ.ડબલ્યુ રેગ્યુલેશનોની વિસ્તૃત ફરજો હજુ પણ લાગુ પડે છે. આ રેગ્યુલેશનો હેઠળ કામના ખતરા ઓળખવા, તેમાં સંકળાયેલાં જોખમોનું મૂલ્યાંકન કરવું, અને તે જોખમો નિવારવા કે કાબૂમાં રાખવા માટેના ઉપાયો અમલમાં મૂકવા જરૂરી બને છે.

કાબૂમાં લેવાના ઉપાયોમાં સૂચનાઓ, તાલીમ, દેખરેખ, સુરક્ષાત્મક સાધનો વગેરે આપવાનો સમાવેશ થઈ શકે. જોખમો કાબૂમાં રાખવાના ઉપાયોનો ઉપયોગ કરવામાં આવે છે તેની તપાસ કરવા માટે એમ્પ્લોયરોએ પગલાં લેવાં જોઈએ અને જોખમનું મૂલ્યાંકન હજુ પણ યોગ્ય છે તેની ખાતરી કરવા માટે અમુક અમુક સમયે તેનું પુનઃઅવલોકન કરતાં રહેવું જોઈએ.

જ્યારે જોખમના મૂલ્યાંકનમાં દેખાય કે કોઈ એકલદોકલ કામદારે સુરક્ષિત રીતે કામ કરવાનું શક્ય નથી, ત્યારે તેને મદદ કે ટેકો પૂરો પાડવાની ગોઠવણો કરવામાં આવવી જોઈએ.  જ્યાં કોઈ એકલો કામદાર બીજા કોઈ એમ્પ્લોયરના કામના સ્થળે રહીને કામ કરતો હોય ત્યાં, તે એમ્પ્લોયરે તે એકલા કામ કરી રહેલા કામદારના એમ્પ્લોયરને કોઈ જોખમો હોય તો તેની અને તે જોખમોને કાબૂમાં રાખવા માટે લેવામાં આવવા જોઈએ તેવા કોઈ ઉપાયોની જાણ કરવી જોઈએ. આના લીધે તે એકલા કામદારના એમ્પ્લોયરને જોખમોનું મૂલ્યાંકન કરવામાં મદદ થાય છે.

જોખમના મૂલ્યાંકનથી યોગ્ય પ્રમાણમાં દેખરેખ રાખવાનો નિર્ણય લેવામાં મદદ મળવી જોઈએ. એવી કેટલીક વધારે જોખમી પ્રવૃત્તિઓ હોય છે જેમાં ઓછામાં ઓછું બીજી એક વ્યક્તિને હાજર રાખવી જરૂરી બની શકે. આનાં ઉદાહરણોમાં, કેટલીક ઊંચા જોખમોવાળી મર્યાદિત જગ્યામાં રહીને કામ કરવું, જ્યાં સુપરવાઈઝરે અને તે ઉપરાંત બચાવની કામગીરી માટે ખાસ નિમવામાં આવેલી બીજી કોઈ વ્યક્તિએ પણ હાજર રહેવાની જરૂર પડી શકે તેવાં કામનો, અને ખુલ્લા પડેલા જીવંત વાહકો સાથે અથવા તેમની નજીકમાં કરવામાં આવતા ઈલેક્ટ્રિકલ કામ, જ્યાં કેટલીકવાર ઓછામાં ઓછાં બે લોકોની જરૂર પડે છે, તેનો સમાવેશ થાય છે.

એકલાં કામ કરતાં કામદારો ઉપર બીજાં કામદારો કરતાં વધારે જોખમ ન રહેવું જોઈએ. આ માટે કદાચ જોખમો કાબૂમાં લેવા માટેના વધારાના ઉપાયો કરવાની જરૂર પડી શકે. સાવચેતીનાં પગલાંમાં સાધારણ કામ અને અગાઉથી ધારણા બાંધી શકાય તેવી ઈમર્જન્સી પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખવી જોઈએ, દા.ત. આગ લાગવી, સાધન બંધ પડી જવું, બીમારી અને

અકસ્માતો. લોકો જ્યાં એકલાં રહીને કામ કરતાં હોય તેવી પરિસ્થિતિઓ એમ્પ્લોયરોએ ઓળખવી જોઈએ અને નીચે જણાવ્યા જેવા પ્રશ્નો પૂછવા જોઈએઃ

1. શું કામની જગ્યાને કારણે એકલા કામ કરતા કામદાર ઉપર કોઈ ખાસ પ્રકાનું જોખમ ઊભું થાય છે?
2. એકલી વ્યક્તિ માટે અંદર આવવાનો અને બહાર નીકળવાનો સલામત માર્ગ છે? માર્ગ મેળવવાનાં કોઈ કામચલાઉ સાધનોની જરૂર હોય, જેમ કે પોર્ટેબલ સીડી (નિસરણીઓ) અથવા લાકડાના ઘોડા વગેરે એકલી વ્યક્તિ સલામતીથી હેન્ડલ કરી શકે તેમ છે?
3. કામ કરવામાં સંકળાયેલાં બધા જ પ્લાન્ટ, પદાર્થો અને માલસામાન એકલી કામ કરતી વ્યક્તિ દ્વારા સલામતીથી હેન્ડલ કરી શકાય તેમ છે? વિચારી જુઓ કે કામ કરવા માટે જે વસ્તુઓ ઉપાડવાની હોય તે એકલી વ્યક્તિ માટે બહુ મોટી છે કે કેમ અથવા કોઈ સાધન સલામતીપૂર્વક ચલાવવા માટેનાં આવશ્યક કંટ્રોલો ચલાવવા માટે એક કરતાં વધારે વ્યક્તિની જરૂર છે કે કેમ.
4. હિંસા થવાનું કોઈ જોખમ છે?
5. જો સ્ત્રીઓ એકલી કામ કરતી હોય તો તેમની ઉપર કોઈ ખાસ જોખમ રહેલું છે?
6. જો યુવાન કામદારો એકલાં કામ કરતાં હોય તો તેમની ઉપર કોઈ ખાસ જોખમ રહેલું છે?
7. શું તે વ્યક્તિ એકલી રહીને કામ કરવા માટે તબીબી દ્રષ્ટિએ તંદુરસ્ત અને યોગ્ય છે?
8. જો તે વ્યક્તિ બીમાર પડી જાય, કોઈ અકસ્માત થાય કે કોઈ ઈમર્જન્સી ઊભી થાય તો શું થશે?